Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના" હેઠળ અનુભવી ડૉકટર્સ દ્વારા જનરલ સર્જરી અને ENT સર્જરી ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઇમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ એકમ શનિવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૩ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

## પુતિન સાથે મોદીની 45 મિનિટ દ્વિપક્ષી મંત્રણા યોજાઇ

# ભારતની રશિયાને યુદ્ધ પતાવવા મદદની ઓફર




**બ્રિક્સ** સમિટ માટે રશિયન પ્રમુખ દિલ્હી આવી પહોંચ્યા તેના થોડા કલાકોમાં જ વડાપ્રધાન સાથે મંત્રણા યોજાઇ

**વેપાર,** સંરક્ષણ, નાગરિક પરમાણુ ઉર્જા સહિત અનેક વિષયો પર ચર્ચા થઇ, મોદીએ ભારતીય નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો

**બંને** દેશો વચ્ચે વાર્ષિક દ્વિપક્ષીય વેપાર હાલના ૬૫ અબજ ડોલરથી વધારીને ૨૦30 સુધીમાં ૧૦૦ અબજ ડોલર પહોંચાડવાનો સંકલ્પ

**નવી દિલ્હી, તા. 11 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મંત્રણામાં કાળા સમુદ્રમાં ભારતીય નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સાથે જ તેમણે યુક્રેન સંઘર્ષનો અંત લાવવા માટે કોઈ પણ શાંતિ પહેલને ટેકો આપવાની ભારતની તૈયારીનો પુનરોચ્ચાર કર્યો હતો. વધતી જતી અનિશ્ચિતતાઓ અને ભૂરાજકીય હલચલ વચ્ચે બંને નેતાઓ દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ મજબૂત કરવા સંમત થયા હતા. ઉલ્લેખનીય છે કે રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે કાળા સમુદ્રમાં પાંચ ભારતીય નાવિકોનાં મોત નિપજ્યા છે.

હાઈ-સ્ટેક્સ બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે પુતિન ત્રણ દિવસીય મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યાના

...અનુસંધાન પાના 7 પર

## પુતિને G-7ની મજાક ઉડાવી

**G7 જૂથ** પર કટાક્ષ કરતા પુતિને જણાવ્યું કે છેલ્લા ૫ વર્ષમાં વિશ્વના GDP વૃદ્ધિમાં ૪૦%થી વધુ હિસ્સો BRICS દેશોનો રહ્યો છે, જ્યારે તેની સરખામણીએ G7 દેશોનું યોગદાન માત્ર ૨૯% જ છે

**પશ્ચિમી** દેશોની નાણાકીય સંસ્થાઓ પરની નિર્ભરતા ઘટાડવા માટે પુતિને ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB) પર આધારિત એક નવું રોકાણ પ્લેટફોર્મ બનાવવાની હિમાયત કરી

**બ્રિક્સ** સંગઠન કોઇની વિરુદ્ધ નથી, તે માત્ર તેના સભ્યોના આર્થિક હિતોને આગળ વધારવા માગે છે

**નવી દિલ્હી, તા. 11 :** રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને શુક્રવારે બ્રિક્સ દેશોમાં વેપાર, મૂળભૂત માળખાકીય સુવિધાઓ, લોજિસ્ટિક્સ અને ટેકનોલોજી ક્ષેત્રના પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે એક નવા રોકાણ પ્લેટફોર્મની હિમાયત કરી હતી. આ સાથે જ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ જૂથનું વિસ્તરતું આર્થિક સહકાર "કોઈની વિરુદ્ધ નથી" પરંતુ તેના સભ્યોના રાષ્ટ્રીય હિતોને આગળ વધારવાનો છે.

પુતિને કહ્યું હતું કે બ્રિક્સ સંગઠન કોઈની વિરુદ્ધ નથી અને રશિયા સમગ્ર વિશ્વ સાથે કામ કરવા માટે ખુલ્લુ મન ધરાવે છે. તેમણે રશિયા પર પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને વખોડ્યા હતા. શિખર સંમેલન પહેલાં બ્રિક્સના બિઝનેસ લીડર્સની એક સભાને સંબોધિત કરતા પુતિને કહ્યું કે, રશિયા આર્કટિક ટ્રાન્સપોર્ટ કોરિડોર અને નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર સહિત માળખાકીય સુવિધાઓ

## ઇરાની પ્રમુખ સાથેની મંત્રણામાં મોદીએ ભારતીય ખલાસીઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો

**નવી દિલ્હી, તા.11:** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સાથે પશ્ચિમ એશિયાની એકંદર પરિસ્થિતિની સમીક્ષા કરવા અને દ્વિપક્ષીય સંબંધોના વિસ્તાર માટેનો માર્ગ તૈયાર કરવા વાટાઘાટો યોજી હતી. બે અઠવાડિયાથી ઓછા સમયમાં આ બંને નેતાઓ વચ્ચેની બીજી મુલાકાત છે. આ વાટાઘાટો ઈરાની નેતા બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ

...અનુસંધાન પાના 7 પર



**નરેન્દ્ર મોદી પેઝેશ્કિયાનને હાથ પકડીને લઇ જતા દેખાયા**

વિશ્વનું ધ્યાન ખેંચે તેવી એક તસવીરમાં વડાપ્રધાન મોદી ભારતની મુલાકાતે આવેલા ઇરાની પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાનને

...અનુ. પાના 7 પર



## મોદી-પુતિન એક કારમાં બેસીને 'ઇનોપ્રોમ' પ્રદર્શનના સ્થળે ગયા

**બંને** નેતાઓએ ૧૨ દિવસમાં બીજી વખત એક કારમાં સવારી કરી, ૩૧ ઓગસ્ટે બિશ્કેકમાં એક કારમાં બેઠા હતા

**વડાપ્રધાન** બન્યા પછી મોદીએ ૧૧ વખત જુદા જુદા વિશ્વ નેતાઓ સાથે એક કારમાં સવારી કરી છે

**નવી દિલ્હી, તા. 11:** દિલ્હીમાં આજે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની મુલાકાત બાદ એક ઘટના ધ્યાન ખેંચનારી બની રહી હતી. બંને નેતાઓ દ્વિપક્ષીય બેઠક બાદ એક કારમાં સવાર થઈને 'ઇનોપ્રોમ' પ્રદર્શનના સ્થળ સુધી સાથે ગયા હતા. આ કાર પુતિનની બખ્તરબંધ 'ઓરસ સીનેટ' હતી.

દ્વિપક્ષીય વાટાઘાટો સમાપ્ત થયા પછી ભારત મંડપમ ખાતે આયોજિત 'ઇનોપ્રોમ' પ્રદર્શન માટે એક સાથે કારમાં ગયા. લગભગ 5 મિનિટ સુધી મુસાફરી કરી. પુતિન-મોદી આ પહેલા પણ 3 વાર સાથે કારમાં બેસી ચૂક્યા છે. હાલમાં છેલ્લે બંને નેતાઓએ 12 દિવસ પહેલા 31 ઓગસ્ટે કિરગિઝસ્તાનના બિશ્કેકમાં સાથે મુસાફરી કરી હતી. મોદી વડાપ્રધાન બન્યા પછી આ પહેલી વાર નથી જ્યારે તેઓ કોઈ વિદેશી નેતા સાથે કારમાં બેઠા હોય. 2014 પછી

...અનુસંધાન પાના 7 પર

## બ્રિક્સ સંમેલનનો સંપૂર્ણ કાર્યક્રમ

**પ્રથમ દિવસઃ 12 સપ્ટેમ્બર**

બપોરે 02:00 વાગ્યે (સભ્ય દેશોના નેતાઓનું આગમન): બ્રિક્સ સભ્ય દેશોના નેતાઓ 'ભારત મંડપમ'ના લેવલ-2 પર પહોંચશે અને સંમેલનના પ્રારંભિક કાર્યક્રમો શરૂ થશે.

બપોરે 02:35 વાગ્યે (બંધ સત્ર): ભારત મંડપમના લેવલ-2 સ્થિત સમિટ હોલમાં બંધ બારણે બેઠક યોજાશે. આ સત્રનો મુખ્ય વિષય 'ઇન્ક્લુસિવ ગ્લોબલ ગવર્નન્સ એન્ડ સ્ટ્રેન્ધનિંગ મલ્ટિલેટરલિઝમ' (વૈશ્વિક શાસન વ્યવસ્થાને વધુ સમાવેશી બનાવવી અને બહુપક્ષવાદને મજબૂત કરવો) રહેશે.

**સાંજે 04:25 વાગ્યે ('ભારત ઇનોવેટ્સ' પ્રદર્શન):** બંધ સત્ર બાદ તમામ નેતાઓ હોલ-14 ખાતે આયોજિત 'ભારત ઇનોવેટ્સ' પ્રદર્શનનું નિરીક્ષણ કરશે.

**સાંજે 05:05 વાગ્યે (સામૂહિક ફોટોગ્રાફ):** ભારત

...અનુસંધાન પાના 7 પર

## બેંક યુનિયનોની દેશવ્યાપી હડતાળ: સરકારી બેંકોમાં કામકાજ ઠપ

**કર્મચારીઓની** મુખ્ય માગ તમામ શનિવારે રજા આપવામાં આવે, દેશભરની સરકારી બેંકોમાં રોકડ જમા કરાવા, ઉપાડ, ચેક ક્લિયરન્સ અને વહીવટી

**કામગીરી** સંપૂર્ણપણે ખોરવાઈ, ખાનગી ક્ષેત્રની નવી બેંકોના કામકાજ પર કોઈ ખાસ અસર પડી ન હતી

**નવી દિલ્હી, તા. 11 (PTI):** અઠવાડિયામાં 5 દિવસ કામકાજની નીતિ તાત્કાલિક લાગુ કરવાની માગ સાથે યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) સાથે જોડાયેલા કર્મચારીઓએ શુક્રવારે દેશવ્યાપી હડતાળ પાડી હતી. જેના કારણે દેશભરમાં વિશેષ કરીને જાહેર ક્ષેત્રની બેંકોની સેવાઓને અસર પહોંચી હતી. લગભગ 90 ટકા અધિકારીઓ અને કર્મચારીઓનું પ્રતિનિધિત્વ

...અનુસંધાન પાના 7 પર




### અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી

આગામી રણનીતિ અંગે ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કોન્ફેડ્રેશન (AIBOC)ના જનરલ સેક્રેટરી રૂપમ રોયે જણાવ્યું હતું કે જો સરકાર માગણીઓ નહીં સ્વીકારે તો 28 સપ્ટેમ્બરથી 3 દિવસની હડતાળ પાડવામાં આવશે. જ્યારે ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોયીસ એસોસિએશન (AIBEA)ના જનરલ સેક્રેટરી સી.એચ. વેંકટાચલમે 26 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી આપી છે.

## આજથી દિલ્હીમાં બ્રિક્સ સમિટ

**ચીની** પ્રમુખ ઝી જિનપિંગ, રશિયન પ્રમુખ પુતિન, ઇરાનના પ્રમુખ પેઝેશ્કિયાન, દક્ષિણ આફ્રિકા અને ઇન્ડોનેશિયાના પ્રમુખો સહિત અનેક રાષ્ટ્રવડાઓ આવશે

**યજમાન** ભારત ગ્લોબલ સાઉથની વિકાસલક્ષી પ્રાથમિક્તાઓને આગળ ધપાવવા પર ભાર મૂકશે

**નવી દિલ્હી, તા. 11 (PTI):** વધતા વૈશ્વિક વેપાર તણાવ વચ્ચે એક વ્યૂહાત્મક સંતુલન સાધતા, ભારત શનિવારથી શરૂ થઈ રહેલી બે દિવસીય બ્રિક્સ શિખર સંમેલનનો ઉપયોગ આ જૂથને આર્થિક વૃદ્ધિ માટેના પૂરક એન્જિન તરીકે સ્થાપિત કરવા અને ગ્લોબલ સાઉથની મુખ્ય વિકાસલક્ષી પ્રાથમિકતાઓને – મુખ્યત્વે ખાદ્ય, ઊર્જા અને સપ્લાય ચેઈન સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે કરી રહ્યું છે.

ભારતના ઉચ્ચ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, ભારત ગ્લોબલ સાઉથની મુખ્ય વિકાસલક્ષી પ્રાથમિકતાઓને આગળ ધપાવવા માટે બ્રિક્સ જૂથને એક મહત્વપૂર્ણ પૂરક મંચ તરીકે આગળ ધપાવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિક વેપાર વિવાદો અને ભૌગોલિક-રાજકીય ફેરફારોને કારણે આર્થિક મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે ત્યારે, અમે ખાદ્ય સુરક્ષા, ઊર્જા સ્થિરતા અને સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈન ક્ષેત્રે મહત્વપૂર્ણ નબળાઈઓને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. નવી દિલ્હીમાં આ શિખર સંમેલન એવા સમયે યોજાઈ રહ્યું છે જ્યારે વૈશ્વિક અર્થતંત્ર રશિયા-યુક્રેન યુદ્ધ, પશ્ચિમ એશિયા સંકટ અને ટ્રમ્પ વહીવટીતંત્રની વેપાર તથા ટેરિફ નીતિઓની પ્રતિકૂળ અસરોનો સામનો કરી રહ્યું છે. આ જૂથના સભ્ય દેશો સંયુક્ત નિવેદન પર સર્વસંમતિ સાધી શક્યા છે કે કેમ તે અસ્પષ્ટ છે, કારણ કે પશ્ચિમ એશિયા સંકટ અંગે ઈરાન અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચેના મતભેદો યથાવત છે. આ જૂથ સર્વસંમતિના માળખા હેઠળ કાર્ય કરે

...અનુસંધાન પાના 7 પર

### બ્રિક્સ સમિટ માટે દિલ્હીનું મેકઓવર




**રસ્તાઓ** અને ઇમારતો રોશનીથી ઝળહળી ઉઠ્યા, અનેક સ્થળે બ્રિક્સની થીમવાળા સાઇનબોર્ડ

**મહત્વના** સ્થળોએ સુશોભિત છોડવાઓ અને ફુવારા મૂકાયા

**નવી દિલ્હી, તા. 11 (PTI):** નવી દિલ્હીમાં ૧૮મી બ્રિક્સ શિખર સંમેલન માટે રાજધાની દિલ્હી શહેરને સરસ રીતે શણગારીને સજ્જ કરવામાં આવ્યું છે.

શહેરના મુખ્ય માર્ગો અને ઇમારતો રોશનીથી ઝળહળી ઉઠ્યા છે. ફૂલોની સજાવટ, શિખર સંમેલનની થીમ વાળા સાઇનબોર્ડોથી દિલ્હીને નવો લુક આપવામાં આવ્યો છે. નવી દિલ્હી નગરપાલિકા પરિષદ (NDMC) દ્વારા સમગ્ર શહેરમાં, ખાસ કરીને એરપોર્ટ અને નક્કી કરાયેલી હોટલોને સંમેલનના મુખ્ય સ્થળ 'ભારત મંડપમ' સાથે જોડતા રસ્તાઓ પર વ્યાપક સુંદરતા અભિયાન ચલાવવામાં આવ્યું છે. પટેલ ચોક, વિન્ડસર પ્લેસ, મંડી હાઉસ, તીન મુર્તિ, લોક કલ્યાણ માર્ગ મેટ્રો સ્ટેશન અને પીએમઓ સર્કલ સહિત અનેક પ્રમુખ સ્થળોને સુશોભિત રોશનીથી ઝળહળતા કરવામાં આવ્યા છે.

NDMC એ બ્રિક્સ સંમેલનના લોગો વાળા LED સાઇનબોર્ડ પણ લગાવ્યા છે અને મુખ્ય માર્ગો પર સ્ટ્રીટ-લાઇટના થાંભલાઓ પર સંમેલનની થીમ વાળા પોસ્ટરો મૂક્યા છે. સૌંદર્યીકરણ અભિયાન અંતર્ગત નવી દિલ્હીના પ્રમુખ સ્થળો પર ૧૫,૦૦૦થી વધુ કુંડામાં વાવેલા સુશોભિત છોડ મૂકવામાં આવ્યા છે. ૧૫ સ્થળો પર ફૂલોના બોર્ડ અને અન્ય ૯ સ્થળો પર ફુવારા લગાવવામાં આવી રહ્યા છે.

### બ્રિક્સ સમિટમાં કોણ કોણ હાજર રહેશે?

**નવી દિલ્હી.** ભારતની અધ્યક્ષતામાં 12 અને 13 સપ્ટેમ્બર દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે 18મી બ્રિક્સ શિખર સંમેલન યોજાઈ રહ્યું છે. વર્ષ 2026એ બ્રિક્સની સ્થાપનાના 20 વર્ષ પૂર્ણ કરવાનો એક મહત્વપૂર્ણ માઇલસ્ટોન પણ છે. વૈશ્વિક વસ્તીના આશરે 49.5 ટકા અને વૈશ્વિક જીડીપીના 40 ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરતા 11 ઉભરતા અર્થતંત્રોના આ સંગઠનની બેઠક માટે દિલ્હીમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

**નવી દિલ્હી આવી પહોંચેલા નેતાઓ:**
રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન ત્રણ દિવસની મુલાકાતે શુક્રવારે વહેલી સવારે નવી દિલ્હી પહોંચ્યા છે, આ અગાઉ તેઓ ડિસેમ્બર 2025માં વાર્ષિક શિખર સંમેલન માટે ભારત આવ્યા હતા. મસૂદ પેઝેશ્કિયાનની ઈરાનના રાષ્ટ્રપતિ તરીકે પ્રથમ ભારત મુલાકાત છે, જે પશ્ચિમ એશિયાની હાલની તણાવપૂર્ણ પરિસ્થિતિ વચ્ચે અત્યંત મહત્વની માનવામાં આવે છે. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરીલ રામાફોસા દિલ્હી એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું, તેઓ અગાઉ 2019ના પ્રજાસત્તાક દિને મુખ્ય અતિથિ તરીકે ભારત આવ્યા હતા. ઈજિપ્તના

...અનુસંધાન પાના 7 પર

## આપણે મતભેદો યોગ્ય રીતે હાથ ધરવા જોઈએ: ચીન

**બીજિંગ, તા. 11 (PTI):** બ્રિક્સ સમિટ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો માટે પ્રમુખ ઝી જિનપિંગની ભારત મુલાકાત પહેલા, ચીને શુક્રવારે જણાવ્યું હતું કે બંને દેશોએ પોતાના મતભેદોને યોગ્ય રીતે ઉકેલવા જોઈએ અને પોતાના સંબંધોને વ્યૂહાત્મક તેમજ લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી જોવાની જરૂર છે.

પ્રમુખ જિનપિંગ બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે શનિવારે નવી દિલ્હી પહોંચશે, જે તેમની લગભગ સાત વર્ષમાં પ્રથમ ભારત મુલાકાત હશે. તેઓ શનિવારે સમિટની સાથે યોજાનારી બેઠકમાં વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરવાના છે. મોદી-ઝી બેઠકને ચીન કઈ રીતે જુએ છે તે અંગે પૂછવામાં આવતાં, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે અહીં એક મીડિયા બ્રિફિંગમાં જણાવ્યું હતું કે, કઝાન અને તિયાનજિનમાં થયેલી બેઠકો બાદ સતત ત્રીજા વર્ષે બંને નેતાઓ મળશે. માઓ નિંગે જણાવ્યું કે ચીન બંને નેતાઓના વ્યૂહાત્મક માર્ગદર્શન પર કામ કરવા, દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ઊંચાઈ અને લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી સંભાળવા, સંવાદ વધારવા, મતભેદોને યોગ્ય રીતે ઉકેલવા માટે સહયોગ મજબૂત કરવા અને એકબીજાને મદદ કરતા સારા પડોશી અને ભાગીદાર બનવા માટે ભારત સાથે મળીને કામ કરશે. બ્રિક્સ સમિટ અંગે માઓ નિંગે કહ્યું કે તે હવે ઉભરતા બજારો અને વિકાસશીલ દેશો માટે એકતા અને સહયોગ જાળવી રાખવાનું એક મહત્વપૂર્ણ મંચ છે. તેની સ્થાપના થઈ ત્યારથી જ બ્રિક્સ દેશોએ ખુલ્લાપણું, સમાવેશીતા અને બંને પક્ષો માટે ફાયદાકારક સહયોગની ભાવનાને જાળવી રાખી છે.

ઈરાન-અમેરિકા સંઘર્ષ અને યુક્રેન-રશિયા યુદ્ધ વચ્ચે યોજાઈ રહેલી આ નવી દિલ્હી સમિટના મહત્વ અંગે

...અનુસંધાન પાના 7 પર

### તા. ૧૧-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો: 0.0 મીમી | મોસમનો: ૧૧૯૯ મીમી |
| ઉકાઈ | સપાટી આજની: ૩૩૪.૯૯ ફૂટ | આઉટફ્લો: ૬૨૭૧ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૩.૫ સે. | ૨૬.૨ સે. | ૬૬% |